# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 17-02-2025 Day: Monday Evening: 6.25 to 6.30pm**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકીલ** વાંચે છે.

---

## ચૂંટણી-મત ગણતરી:

**સ્થાનિક સ્વરાજની ચૂંટણી ગઇકાલે સંપન્ન થયા બાદ હવે તમામ બેઠકો ઉપરના ઇવીએમ જે તે બેઠકના મતગણતરી કેન્દ્ર ઉપર પહોંચી ગયા છે. આ તમામ ઇવીએમ ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને સીસીટીવી કેમેરાની નજર હેઠળ રાખવામાં આવ્યાં છે.**

**કચ્છની બે નગરપાલિકાની સામાન્ય ચૂંટણી અને 3 તાલુકા પંચાયત બેઠકોની પેટા ચૂંટણી માટે આવતીકાલે સવારે 9 વાગ્યાથી મતગણતરી હાથ ધરાશે. મતગણતરી માટેની તંત્ર દ્વારા તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે. ત્યારે , હવે આવતીકાલે ઇવીએમ ખુલતાં જ ઉમેદવારોનું રાજકીય ભાવિ નિશ્ચિત થશે. મતગણતરીને લઇને જિલ્લા કલેકટર કચેરી ભુજ ખાતે કંટ્રોલરૂમ શરૂ કરાયો છે. લોકો 02832 252715 પર સંપર્ક કરી મતગણતરી અંગેની માહિતી મેળવી શકશે.**

---

## વાહન વ્યવહાર નિગમ:

**રાજ્ય માર્ગ અને પરિવહન નિગમના કર્મચારીઓ માટે રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. નોકરી દરમિયાન કર્મચારીનું અવસાન થાય તો તેના કુટુંબને 14 લાખ રૂપિયાની સહાય અપાશે.**

**વાહન વ્યવહાર નિગમની યાદીમાં જણાવ્યા મુજબ નિયમિત ધોરણે નિયત ભરતી પ્રક્રિયા દ્વારા નિમણૂક પામેલા વર્ગ- 3 અને 4ના કર્મચારીઓના 24 સપ્ટેમ્બર 2022 કે ત્યારબાદ ચાલુ નોકરી દરમ્યાન અવસાનના કિસ્સામાં સ્વર્ગસ્થ કર્મચારીના આશ્રિત કુટુંબને 14 લાખ રૂપિયાની ઉચ્ચક નાણાકીય સહાય ચુકવાશે , આ ઉપરાંત વિવિધ કચેરીઓ ખાતે નિયુકત કરાયેલ પાંચ વર્ષીય ફિકસ પગારની કરારીય**

**સેવાના વર્ગ- 3 અને 4ના અવસાન પામેલ કર્મચારીઓના કુટુંબને પણ 14 લાખ રૂપિયાની સહાય ચુકવવામાં આવશે.**

---

<u>બજેટ સત્ર:</u>

**આગામી 19 ફેબ્રુઆરી બુધવારથી રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના સંબોધનથી ગુજરાત વિધાનસભાના બજેટ સત્રની શરુઆત થશે. 20 ફેબ્રુઆરીએ વર્ષ 2025-26નું અંદાજપત્ર રજૂ થશે. અમારા ગાંધીનગરના પ્રતિનિધિ જણાવે છે કે આ સત્રમાં સરકારી વિધેયકો અને સરકારી કામકાજના મુદ્દા રજૂ થશે. સરકારી વિધેયકો માટે ચાર બેઠકો યોજાશે. આ ઉપરાંત માંગણીઓ પર ચર્ચા અને મતદાન માટે 12 બેઠકો મળશે.**

**બજેટ સત્ર સંદર્ભે આવતીકાલે ભાજપની બેઠક મળશે , જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી આર પાટીલ સહિત તમામ મંત્રીઓ અને ધારાસભ્યો ઉપસ્થિત રહેશે.**

---

<u>માંડવી ટુ મસ્કત –પુસ્તક વિમોચન:</u>

**8 મા ઈન્ડિયન ઓશન કોન્ફરન્સ નિમિત્તે મસ્કત ગયેલા વિદેશમંત્રીએ એસ. જયશંકરે “માંડવી ટુ મસ્કત” પુસ્તકનું વિમોચન કર્યું. કચ્છીઓના પેઢી દર પેઢીના યોગદાનનું દસ્તાવેજીકરણ ઓમાન સ્થિત ભારતીય એલચી કચેરી દ્વારા આ પુસ્તકમાં કરવામાં આવ્યું છે.**

**માંડવીના ધારાસભ્ય અનિરુદ્ધ દવેએ આ અંગે કહ્યું કે ભારતીયો ખાસ કરીને કચ્છી સમુદાયે મસ્કતમાં જે વિશ્વાસ ઉત્પન્ન કર્યો છે અને તેનું દસ્તાવેજીકરણ થઈ રહ્યું છે તે સંબંધોને ગાઢ બનાવશે. આ પુસ્તક આવનારી પેઢીનું પથદર્શક બનશે.**

**અત્રે એ ઉલ્લેખનીય છે કે મસ્કત ગુજરાતી સમાજની સુવર્ણ જયંતી નિમિત્તે ઓમાનના ભારતીય એલચી અમિત નારંગ સાથેની બેઠક દરમિયાન શ્રી નારંગે આ પુસ્તક વિશે ગૌરવ સાથે વાત કરીને પોતાનો રાજીપો દર્શાવ્યો હતો.**

---

## સંસ્કૃત અધ્યયન કેન્દ્ર:

**લોકોને સંસ્કૃત બોલતા કરી , સંસ્કૃત સંસ્કૃતિનું શિક્ષણ આપવાના હેતુથી સંસ્કૃતભારતી દ્વારા સંચાલિત ગુજરાતના પ્રથમ સંસ્કૃત અધ્યયન કેન્દ્રનું ભુજ ખાતે 21 ફેબ્રુઆરી વિશ્વ માતૃભાષા દિવસે સવારે 10 વાગ્યે ભૂમિપૂજન યોજાશે. આ કેન્દ્રને "મહારાણી પ્રીતિદેવી સંસ્કૃત અધ્યયન કેન્દ્ર " નામ અપાયું છે. રાજપરિવારના મહારાણી પ્રીતિદેવીની મુખ્ય ઉપસ્થિતિમાં યોજાનારા ભૂમિપૂજન કાર્યક્રમમાં જિલ્લાભરના સંત-મહંત, વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહેશે.**

---

## વિશ્વ માતૃભાષા દિવસ:

**વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે આગામી ૨૧ ફેબ્રુઆરીએ ગુજરાત સહિત્ય અકાદમી ગાંધીનગર અને વિજયરાજજી સાર્વજનિક પુસ્તકાલય ભુજના સંયુક્ત ઉપક્રમે એક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં માતૃભાષાના મહત્વ વિષે વરિષ્ઠ પત્રકાર રમેશ તન્નાનું વક્તવ્ય યોજાશે. જેનો લાભ લેવા આયોજકો દ્વારા આમ જનતાને આમંત્રણ પાઠવાયું છે.**

---

## ગુજકોસ્ટ-વિજ્ઞાન સ્પર્ધા:

**વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે રુચિ પેદા થાય અને તેઓ વિજ્ઞાનને દૈનિક જીવન સાથે જોડી શકે તે હેતુથી ગુજકોસ્ટ દ્વારા શિક્ષકો તથા વિદ્યાર્થીઓ માટે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. બંને સ્પર્ધાઓના ત્રણ વિજેતાઓને સન્માનિત કરવામાં આવશે અને ભાગ લેનાર દરેક સ્પર્ધકને પ્રમાણપત્ર આપવામાં આવશે. ભાગ લેવા માટે તારીખ ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. વધુ માહિતી માટે મોબાઈલ નંબર ૭૦૪૩૯-૨૪૬૦૫ પર સંપર્ક કરવો.**

---

<u>સાંધણ-ડુમરા રોડ:</u>

**આજે સાંધાણ-ડુમરા રોડ પર આવેલા ત્રણ પુલિયાનું ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા દ્વારા ખાતમુહૂર્ત કરાયું હતું. આ પુલિયા બની જતા સાંધાણ-ડુમરા અને આજુબાજુના ગામના લોકોનું આવાગમન સરળ બનશે તેવું ડુમરાના શ્રોતામિત્ર જયેશ ગોસ્વામીએ જણાવ્યું હતું.**

---

<u>હવામાન:</u>

**જીલ્લામાં હવે શિયાળાની વિદાય સાથે ઉનાળાના એંધાણ વર્તાઇ રહ્યા છે. જીલ્લા મથક ભુજમાં   આજે લઘુત્તમ પારો 5 ડિગ્રી ઉંચે ચડતા ભુજનું લઘુત્તમ તાપમાન 19.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. જ્યારે નલિયામાં આજે 16.2 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું..**

---